<u>**ફો.કેસ નં. –૩૬૩૦૨/ ૨૦૨૫**</u>

(૧) સદર કામે રજુ ચાર્જશીટ પેપર્સ વંચાણે લીધા.

(૨) સદર કામે આરોપી વિરૂધ્ધ પ્રોહી એકટની કલમ ૬૬(૧)બી તથા ૮૫ મુજબના ગુનાનુ ચાર્જશીટ કરેલ છે.જે મુજબ કલમ ૮૫ ના તત્વો નીચે મુજબ છે.

85. Penalty for being drunk and for disoderly behaviour. - [(1) Whoever, in any street, throughfare, public place, in any palce to which the public have or are permitted to have access, is drunk and creates nuisance, takes up a quarrel with any person, uses foul or abusive language, indulges in fight with others, misbehaves with any woman or behaves obscenely, shall, on conviction, be punshed with imprisonment for a term which may extend to three years but which shall not be less than one year and with fine.]

જે કલમ વંચાણે લઈએ તો કલમ – ૮૫(૧)(૩) મુજબનો ગુનો બનવા માટે આરોપીએ પીધેલી હાલતમાં જાહેર સ્થળે ઉપદ્રવ, મારામારી, ગાળાગાળી કે પછી કોઈ મહીલા સાથે અભદ્ર વર્તન કે છેડતી કરવી જરૂરી છે. હાલ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો આરોપીએ પીધેલી હાલતમાં કલમ – ૮૫(૧)(૩) માં જણાવ્યા મુજબ કોઈપણ જાહેર સ્થળે ઉપદ્રવ, મારામારી, ગાળાગાળી કે પછી કોઈ મહીલા સાથે અભદ્ર વર્તન કે છેડતી કરેલ હોય તેવી હકીકત પ્રોશીકયુશનના કેસ મુજબ જણાય આવતી નથી.

(૫) હાલના કામે ડીસ્ચાર્જ સબંધે નામ. સર્વોચ્ચ અદાલતે યોગેશ ઉર્ફે સચીન જગદીશ જોષી –વિ– સ્ટેટ ઓફ મહારાષ્ટ્ર, ૨૦૦૮(૧૦) એ.સી.સી. ૩૯૪ મુજબના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, "The decision to discharge an accused is to be based on consideration whether prosecution has made out a case

for trial and not on consideration whether trial will and in conviction." ઉપરોકત સિધ્ધાંતને હાલના કેસની હકીકતો સંદર્ભે ધ્યાને લઈએ તો હાલના કેસની હકીકતોમાં કયાંય પણ આરોપી વિરૂધ્ધ કલમ – ૮૫(૧)(૩) મુજબના તત્વો બનતા હોય તેવું પ્રથમ દર્શનીય રીતે પણ જણાય આવતુ નથી તેમ છતા આરોપી વિરૂધ્ધ કલમ – ૮૫(૧)(૩) મુજબના ગુનાની તહોમત ચાર્જશીટ કરતા સમયે મુકવામાં આવેલ છે. જેથી હાલનો કેસ આરોપીને કલમ – ૮૫(૧)(૩) મુજબ ડીસ્ચાર્જ કરવા માટે યોગ્ય હોય તેવુ અત્રેની અદાલતનું વિનમ્રપણે માનવુ છે. . ઉપરોકત તમામ હકીકતો તેમજ કાયદાને ધ્યાને લઈ ન્યાયના હીતમાં સી.આર.પી.સી. કલમ – ૨૩૯ હેઠળની ડીસ્ચાર્જ અં ગેની સત્તાનો ઉપયોગ કરવો હાલના કામે ન્યાયોચીત જણાય આવતો હોય જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:: હુ ક મ ::–</u>**

(૧) આથી હાલના કામે આરોપીને પ્રોહી એકટ કલમ – ૮૫ મુજબ બીન તહોમત છોડી મુકવાનો આથી હુકમ કરવામાં આવે છે. તથા કલમ ૬૬ મુજબનો કેસ ચલાવવાનો હુકમ કરવામા આવે છે.

હુકમ આજ તા. ૧૩, માહે –સપ્ટેમ્બર, સને–૨૦૨૫ના રોજ જાહેર કર્યો.

રાજકોટ
તા. ૧૩/૦૯/૨૦૨૫

( બી.પી.ઠાકર )
જથા જયુડી. મેજીસ્ટ્રેટ ફ.ક.
રાજકોટ